## ‘Prosperity’: સંસ્મરણ * …

**આશ્રમમાં રહેતા સાધકોને** નિત્યની જરૂરની નાની મોટી વસ્તુઓ આપવા માટેનો જે વિભાગ છે તેને શ્રી માતાજીએ “Prosperity” નામ આપેલું છે. સાધકો માટે નક્કી કરેલી વ્યવસ્થા પ્રમાણે આ વસ્તુઓ દર માસની પહેલી તારીખે શ્રી માતાજી બધા સાધકોને આપતાં રહે છે. તે દિવસે લગભગ સર્વ સાધકો શ્રી માતાજી પાસે આવે છે. શ્રી માતાજી પોતાના હાથે આશીર્વાદનું પુષ્પ આપે છે, અને પ્રોસ્પેરિટી વિભાગના કાર્યકર્તાઓ સાધકને માટે એક સુશોભિત ખોખામાં તૈયાર રાખેલી વસ્તુઓ સાધકને આપે છે. આ દિવસે બહારથી આવેલા યાત્રીઓ તથા આશ્રમ સાથે સંબંધમાં રહેતી સ્થાનિક વ્યક્તિઓ પણ શ્રી માતાજી પાસે આશીર્વાદ માટે આવતી રહે છે. આમ દર માસની પહેલી તારીખ શ્રી માતાજીની મહાલક્ષ્મીને સૂક્ષ્મમાં તથા સ્થૂલમાં પ્રાપ્ત કરવાના એક મંગલ ઉત્સવ જેવી બને છે.

આ દિવસે આશ્રમમાં ન હોય તેવા શ્રી માતાજીના ભક્તો અને સાધકો પણ જીવનમાં વ્યાપક રીતે કામ કરતાં શ્રી માતાજીનુ આ મહા વિશિષ્ટ મહાલક્ષ્મી-શક્તિના સંપર્કમાં ખાસ રહેવા ઇચ્છતા હોય છે અને તેમને શ્રી માતાજી તરફથી આ ખાસ દિનના આશીર્વાદ મળે છે, અને તેઓ પોતાના તરફથી પણ કાંઈ ને કાંઈ અર્પણ રૂપે, પ્રાર્થના રૂપે મોકલતા રહે છે. આમ આશ્રમની બહાર રહીને પણ જે અનેક વ્યક્તિઓ પૂર્ણયોગને પોતાના જીવનમાં સ્વીકારી રહી છે તેમને માટે આ પહેલીનો દિવસ તે શ્રી માતાજી પ્રત્યે વધુ એકાગ્ર બનીને અભિમુખ થવાનો દિવસ બને છે.

– સુન્દરમ્

નોંધ: ફેબ્રુ. ૧૯૭૧ માં પ્રાપ્ત થયેલા શ્રી માતાજીના આશીર્વાદ સાથે સુંદરમ્‌જીએ “Prosperity” ની પ્રવૃત્તિનો પ્રારંભ કરેલો.

* મે-૨૦૧૫ ના “Prosperity” સંદેશમાંથી સાભાર.

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN’87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2024**
**MARCH**
૧ માર્ચ, ૨૦૨૪

– લક્ષ્મી … સિદ્ધિ-રિદ્ધિ –

**– Wealth … Prosperity –**




**Life is meant for seeking the Divine,**
**Life is realised when finding the Divine.**

[ February 1971: The Mother gave this special message for *Prosperity* ]

જીવન છે પ્રભુને શોધવા માટે,
જીવનની સિદ્ધિ બને છે પ્રભુ મળે છે ત્યારે.

[ ફેબ્રુઆરી ૧૯૭૧ : સિદ્ધિ-રિદ્ધિ માટે શ્રી માતાજીએ આપેલો ખાસ સંદેશ ]

– શ્રી માતાજી

*All wealth belongs to the Divine and those who hold it are trustees not possessors*

... **All wealth** belongs to the Divine and those who hold it are trustees, not possessors. ...

... **સકલ લક્ષ્મી** પ્રભુની છે અને જેઓ તેને રાખી રહ્યા છે તેઓ તેના વાલી છે, મલિક નથી. ...

*In your personal use of money look on all you have or get or bring as the Mother's*

... **In your** personal use of money look on all you have or get or bring as the Mother's. ...

... **લક્ષ્મીનો અંગત ઉપયોગ** કરવામાં તમારી પાસે જે ધન હોય, યા તો તમને જે કાંઈ મળે, યા તો તમે જે લાવો તે સઘળું માં ભગવતીનું જ છે એમ ગણો. ...

*In the supramental creation the money-force has to be restored to the Divine Power and used for a true and beautiful and harmonious equipment and ordering of a new divinised vital and physical existence in whatever way the Divine Mother herself decides in her creative vision.*

... **In the supramental** creation the money-force has to be restored to the Divine Power and used for a true and beautiful and harmonious equipment and ordering of a new divinised vital and physical existence in whatever way the Divine Mother herself decides in her creative vision. ...

... **વિજ્ઞાનમય સૃષ્ટિની** અંદર લક્ષ્મીને પ્રભુની મહાશક્તિના હાથમાં ફરીથી મુકવાની છે. એ વિજ્ઞાનમય સૃષ્ટિની અંદર દિવ્યતામાં રૂપાંતર પામેલા એવા એક નવીન પ્રાણમય અને અન્નમય જીવનની યથાર્થ, સુંદર અને સંવાદી એવી સંપન્નતા અને વ્યવસ્થા પ્રગટ કરવા માટે માં ભગવતી પોતે એની સર્જકદૃષ્ટિ અનુસાર જે રીતે નિર્માણ કરે તે રીતે તેનો ઉપયોગ કરવાનો છે. ...

"The Mother"




– શ્રી અરવિન્દ

'મા'

અનુ. અંબાલાલ પુરાણી